પ્રશ્નપત્ર - 3

# SKP SCHOOL - RAJKOT

## વિષય : સામાજિક વિજ્ઞાન

| ધોરણ : 10 | સમય : 3 કલાક | કુલ ગુણ : 80 |
|---|---|---|

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો આપેલા છે અને 54 પ્રશ્નો છે. (2) દરેક વિભાગમાં સૂચના મુજબ પ્રશ્નો લખવા.
(3) પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
(4) વિભાગ-D માં પ્રશ્ન નં. 54 નકશો ફરજિયાત છે.

### વિભાગ – A

⇒ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** [16]

● **યોગ્ય જોડકા જોડો.**

| | (A) | | (B) |
|---|---|---|---|
| (1) | વિશ્વ યોગ દિવસ | (A) | બિકાનેર |
| (2) | જડતર કામ | (B) | અજમેર |
| (3) | ઢાઈ દિન કા ઝોંપડા | (C) | 21 જૂન |
| (4) | ચોસઠ યોગિનીનું મંદિર | (D) | 10 ઓગસ્ટ |
| (5) | ભરતનાટયમ | (E) | ખજૂરાહોનું મંદિર |
| | | (F) | તાંજોર જીલ્લો |

● **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(6) દિબ્રુગઢથી કન્યાકુમારીને જોડતો રેલમાર્ગ ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ છે.
(7) એકતામાં વિવિધતા એ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા છે.
(8) નિર્વનીકરણથી હરિતગૃહ (ગ્રીનહાઉસ ઈફેક્ટ) ની અસરો ઓછી થાય છે.
(9) ડાંગરની સૌથી વધુ ખેતી અને ઉત્પાદન પંજાબમાં થાય છે.
(10) ઊની કાપડનું સૌથી વધુ ઉત્પાદન ઝારખંડમાં થાય છે.

● **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ લખો.**

(11) કઈ સંસ્થા ONGC અને રાજ્ય સરકારોને હેલિકોપ્ટર સેવા આપે છે ?
(12) વિશ્વભરમાં 5 જૂનનાં દિવસને કયા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે ?
(13) સીસાની ધાતુને શું કહે છે ?
(14) હિસાબી ચોપડે નહિ નોંધાયેલ બિન હિસાબી આવકને શું કહે છે ?

● **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(15) .................... દેશોમાં અર્થતંત્રનું દ્વિમુખી સ્વરૂપ પ્રવર્તે છે.(અલ્પવિકસીત / વિકસીત /વિકાસશીલ)
(16) કર્ણાટક અને તમિલનાડુ રાજ્યોને .................... યોજનાનો લાભ મળે છે. (કૃષ્ણરાજસાગર / નાગાર્જુનસાગર / તૃગંભદ્રા)
(17) .................. ને સંગીતની ગંગોત્રી કહે છે. (સામવેદ / ઋગ્વેદ / આરણ્યકો)
(18) બંધારણના .................. આર્ટિકલ પ્રમાણે અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. ( આર્ટિકલ 25, આર્ટિકલ 19, આર્ટિકલ 17)
(19) વૈદકશાસ્ત્રના વિદ્વાન વાગ્ભટ્ટે નિદાનક્ષેત્રે .................... નામનો ગ્રંથ લખ્યો હતો. (અષ્ટાધ્યાયી, અષ્ટાંગહદય, શાલિહોત્ર)

● **નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

(20) અરજદારની માહિતી મેળવવાની અરજી સ્વીકાર્યાના ...................... દિવસોમાં APIO અરજીનો નિકાલ કરશે.
(A) 30 દિવસમાં (B) 50 દિવસમાં (C) 60 વિદસમાં (D) 15 દિવસમાં

(21) આંતરરાષ્ટ્રીય ખાદ્ય પદાર્થોને કઈ સંસ્થા પ્રમાણિત કરે છે.
(A) CAC (B) FAO (C) IOB (D) WHO

(22) ભ્રષ્ટાચારની વ્યાખ્યા કોણે આપી હતી ?
(A) વિશ્વબેન્કે (B) સંયુક્ત રાષ્ટ્રોએ
(C) ટ્રાન્સફરન્સી ઈન્ટરનેશનલ (D) એશિયન ડેવલપમેન્ટ બેન્કે

(23) ઈ.સ. 2001 થી 2005 નાં સમયગાળામાં દેશનાં લોકોનું સરેરાશ આયુષ્ય કેટલા વર્ષનું હતું.
(A) 60.2 (B) 63.2 (C) 23.6 (D) 62.8

(24) નીચેનામાંથી કયો ઉદ્યોગ તેના ઉત્પાદન કેન્દ્ર સાથે બંધબેસતો નથી ?
(A) જહાજ બાંધકામ ઉદ્યોગ – કોચી (B) હવાઈ જહાજ ઉદ્યોગ – કોરાપૂટ
(C) રેલ્વેના ડબ્બા બનાવવાનો ઉદ્યોગ – પેરામ્બૂર (D) ઈલેક્ટ્રોનિક ઉદ્યોગ – વિશાખાપટ્ટનમ

## વિભાગ – B

⇒ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકના 2 ગુણ) (કોઈ પણ નવ)** **[18]**

(25) ભારતની પ્રાચીનતમ પ્રજા તરીકે આર્યોનો પરિચય આપો.
(26) ભારતની પ્રાચીનતમ પ્રજા તરીકે મોંગેલોઈડનો પરિચય આપો.
(27) "માનવજીવનનો સંબંધ શરૂઆતથી જ વૃક્ષ અને વનરાજી સાથે જોડાયેલો છે" આ વિધાન સમજાવો.
(28) ઈલોરાની ગૂફા વિશે માહિતી આપો.
(29) કુતુબમિનાર વિશે માહિતી આપો.
(30) વન સંરક્ષણ માટેનાં પાંચ-છ ઉપાયો જણાવો.
(31) જંગલોનાં પ્રકાર જણાવી કોઈ પણ બે પ્રકાર વર્ણવો.
(32) તફાવત આપો અભ્યારણ અને રાષ્ટ્રીય ઉદ્યાન
(33) રેશમી કાપડ ઉદ્યોગનો પરિચય આપો.
(34) આધુનિક યુગને ખનીજયુગ કહે છે" શા માટે ?
(35) ભારતમાં તાંબુ-ગાળણ ઉદ્યોગ વિશે માહિતી આપો.
(36) અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિઓ કોને કહેવામાં આવે છે.
(37) બેરોજગારીનો અર્થ જણાવો.

## વિભાગ – C

⇒ **પ્રશ્ન ક્રમાંક 38 થી 46 ના જવાબ આશરે 60 થી 80 શબ્દોમાં માગ્યા મુજબ લખો. (પ્રત્યેકના 3 ગુણ) (કોઈ પણ છ)** **[18]**

(38) ગુપ્તકાલિન ગુફા-સ્થાપત્યો વિશે માહિતી આપો.
(39) સમ્રાટ અશોકનાં શિલાલેખો વિશે માહિતી આપો.
(40) મુઘલ સાહિત્યનો પરિચય આપો.
(41) "માનવીની જરૂરિયાત અમર્યાદિત હોય છે" આ વિધાન સમજાવો.
(42) ઉત્પાદનનાં સાધનો વિશે સવિસ્તર ટૂંક નોંધ લખો.
(43) પર્યાવરણની સુરક્ષા માટેનાં પગલા જણાવો.
(44) વૈશ્વિકીકરણનો અર્થ આપી તેની ભારત પર શી અસરો થઈ છે ?
(45) 'ભાવનિયંત્રણની આવશ્યકતા ઉભી થઈ છે. આ વિધાન સમજાવો.
(46) આતંકવાદની સામાજિક અસરો જણાવો.

## વિભાગ – D

⇒ **પ્રશ્ન ક્રમાંક 47 થી 53 ના જવાબ આશરે 120 થી 150 શબ્દોમાં સવિસ્તાર જવાબ લખો. (પ્રત્યેકના 4 ગુણ) (7 માંથી કોઈપણ 4 ) અને નકશાનો પ્રશ્ન નંબર 54 ફરજિયાત છે.** **[20]**

(47) વૈદકશાસ્ત્ર અને શલ્યચિકિત્સાનાં ક્ષેત્રે પ્રાચીન ભારતનું પ્રદાન વર્ણવો.
(48) પ્રાચિન ભારતનું ગણિતશાસ્ત્રમાં યોગદાન વિશે નોંધ લખો.
(49) ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા સંસ્થાનગત સુધારા જણાવો.
(50) ગરીબી એટલે શું ? ગરીબીરેખા હેઠળ જીવતા લોકોના લક્ષણો જણાવો.
(51) 'મનરેગા' (MANREGA) કાર્યક્રમની સ્પષ્ટતા કરો.
(52) માહિતી મેળવવાનાં અધિકારનાં હેતુઓ જણાવી માહિતી મેળવવાની પ્રક્રિયા જણાવો.
(53) ટૂંક નોંધ લખો : હરિયાળી ક્રાંતિ
(54) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.
(1) પેરિયાર અભ્યારણ્ય (2) મગફળીનો ઉત્પાદિત પ્રદેશ
(3) મુસાફરોનાં ડબ્બા ઉત્પાદનનું કોઈ પણ એક કેન્દ્ર દર્શાવો. (4) રાષ્ટ્રીય જળમાર્ગ ગંગાનદી : અલ્હાબાદથી હલ્દીયા



www.wingofeducation.com